GJKT020011862021

| | | |
|---|---|---|
| આંક | : | ૩૩/બી |
| દાખલ તારીખ | : | ૯/૩/૨૦૨૧ |
| રજી.લીધા તારીખ | : | ૯/૩/૨૦૨૧ |
| નિકાલ તારીખ | : | ૧૫/૭/૨૦૨૬ |

| સમય | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| : | ૫ | ૪ | ૯ |

(નમુનો:-અ)

| |
|---|
| **નામ.શ્રી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભુજ-કચ્છ** |
| **(એમ.એમ.કુરેશી)**<br>ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, ભુજ-કચ્છ |

| | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ |
| ફોજદારી કેસ નં. | : | ૮૨૨/૨૦૨૧ |
| એફ.આઈ.આર.નં. | : | માનકુવા પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૦૩૩૫/૨૦ |
| ગુનો | : | ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ |

| | | |
|---|---|---|
| ફરીયાદી | : | શ્રી સરકાર |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | : | શ્રી આર.આર.પ્રજાપતિ |
| આરોપી | : | (૧) માવજીભાઈ અરજણભાઈ ખેતાણી, રહે.કોડકી,તા.ભુજ,<br>(૨) પુરબાઈ કાનજીભાઈ ખેતાણી, રહે. કન્યા પાછળ, કોડકી,તા. ભુજ,<br>(૩) જશુબેન કરશનભાઈ ખેતાણી, રહે.રબારીવાસ, કોડકી, તા.ભુજ-કચ્છ,<br>(૪) વાલબાઈ માવજીભાઈ ખેતાણી, રહે. કન્યાશાળા પાછળ, કોડકી,તા.ભુજ |
| આરોપીના વકીલશ્રી | : | શ્રી ડી.કે.ગઢવી |

(નમુનો:-બ)

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | તા.૧૨/૪/૨૦૨૦ |
| ફરીયાદની તારીખ | : | તા.૨૫/૪/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | : | તા.૯/૩/૨૦૨૧ |
| ચાર્જ ફરમાવ્યા તારીખ | : | તા.૯/૩/૨૦૨૨ |
| પુરાવો શરુ થયાની તારીખ | : | તા.૯/૩/૨૦૨૨ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | |
| ચુકાદાની તારીખ | : | ઉપર મુજબ |
| સજા કરી હોય તો સજા તારીખ | : | |

આરોપીની વિગત

| નં. | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાન /સજા નિર્દોષ | સજા | સી.આર.પી.સી. ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | માવજીભાઈ અરજણભાઈ ખેતાણી | ૨૬/૪/૨૦૨૦ | ૨૬/૪/૨૦૨૦ | ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪ (ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ | નિર્દોષ | -- | |
| ૨ | પુરબાઈ કાનજીભાઈ ખેતાણી | ૨૬/૪/૨૦૨૦ | ૨૬/૪/૨૦૨૦ | | નિર્દોષ | -- | |
| ૩ | જશુબેન કરશનભાઈ ખેતાણી | ૨૬/૪/૨૦૨૦ | ૨૬/૪/૨૦૨૦ | | નિર્દોષ | -- | |
| ૪ | વાલબાઈ માવજીભાઈ ખેતાણી | ૨૬/૪/૨૦૨૦ | ૨૬/૪/૨૦૨૦ | | નિર્દોષ | -- | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહદોનું લીસ્ટ

(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | જશુબેન નાનજી ખેતાણી | ફરીયાદી | ૧૧ |
| ૨ | નાનબાઈ રવજી હીરાણી | સાહેદ | ૧૩ |
| ૩ | જાદવા કાનજી હીરાણી | પંચ સાહેદ | ૧૬ |
| ૪ | મુળજી નાનજી વરસાણી | પંચ સાહેદ | ૧૮ |
| ૫ | ગોપાલ કરસન ખાખલા | ત.ક.અ. | ૨૯ |

| | | | |
|---|---|---|---|
| | | | |

(બી) બચાવપક્ષે તપાસવામાં આવેલ સાહેદ:

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

(સી) કોર્ટ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ :

| સાહેદ નં. | નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| | | | |

ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત:-

(એ) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૧૭ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૩ | ૩૦ | ક્રી.પ્રો.કોડની કલમ ૧૫૭ નો રીપોર્ટ |
| ૪ | ૩૧ | જીલ્લા મેજી.શ્રી નું હથીયારબંધીનું જાહેરનામું |

(બી) બચાવપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | |

(સી) કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ:

| નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| | | - |

-:: ચુકાદો ::-

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૪/૨૦૨૦ ના રોજ કલાક : ૧૨-૦૦ ના અરસામાં કોડકી સીમ ફરીયાદીની વાડી ઉપર, તા.ભુજ મધ્યે આ કામના ફરીયાદી પોતાની વાડી ઉપર આવવા જવાનો રસ્તો જે ટ્રેકટરથી ખેડતા હોય જેથી તે રસ્તો શા માટે ખેડો છો, રસ્તો ચાલુ રાખવાનો છે તેમ કહેતા આ કામના આરોપી નંબર ૧

વાળાએ ટ્રેકટરથી ખેડી, આરોપીએ લોખંડનો સળીયો ધારણ કરી ફરીયાદીને મા–બહેન સમી ભુંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બનાવ સમયે અમલમાં રહેલ જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી,ભુજના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ગુનો કર્યા  બાબતની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરાવતાં પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયેનો ગુનો નોધેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપીને અટક કરેલ અને તેઓ વિરુધ્ધ પુરતા પુરાવા હોઈ તેઓ વિરુધ્ધનું હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આ કામે આરોપીને સમન્સની બજવણી થયેથી આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ હોવાની ખાત્રી કરવામાં આવેલ. ત્યારબાદ આ કામે આરોપીઓ વિરૂધ્ધ આંક–૪ થી તહોમતનામું ફરમાવી, તેઓની  આંક–૫ થી ૬ સુધી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતાં આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપી સી.આર.પી.સી.કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ આક્ષેપીત ગુનો કરેલ હોવાનો ઇન્કાર કરી, છોડી મુકવા અરજ કરેલ છે.  ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રી ની દલીલો સાંભળી. વિ.એ.પી.પી.શ્રી એ ફરીયાદપક્ષ પોતાનો કેસ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ, આરોપીઓને મહતમ સજા તથા દંડ કરવા અરજ કરેલ છે. આરોપીઓના વિ.વ.શ્રી એ ફરીયાદી ની ફરીયાદ તથા જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ જોવા મળતો હોઈ, આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ હોવાનું તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાનું પુરવાર થતું ન હોઈ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી

મુકવા અરજ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષના કેસની હકીકત તથા રેકર્ડ પરના પુરાવાને ધ્યાનમાં લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

:: મુદા ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૪/૨૦૨૦ ના રોજ કલાક : ૧૨-૦૦ ના અરસામાં કોડકી સીમ ફરીયાદીની વાડી ઉપર, તા.ભુજ મધ્યે આ કામના ફરીયાદી પોતાની વાડી ઉપર આવવા જવાનો રસ્તો જે ટ્રેકટરથી ખેડતા હોય જેથી તે રસ્તો શા માટે ખેડો છો, રસ્તો ચાલુ રાખવાનો છે તેમ કહેતા આ કામના આરોપી નંબર ૧ વાળાએ ટ્રેકટરથી ખેડી, આરોપીએ લોખંડનો સળીયો ધારણ કરી ફરીયાદીને મા-બહેન સમી ભુંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, આ ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, બનાવ સમયે અમલમાં રહેલ જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી,ભુજના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયના કારણો અને તારણો નીચે મુજબ છે.

-:: નિર્ણયો ::-

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

-:: નિર્ણય માટેના કારણો ::-

મુદા નં. ૧:-

(૬) આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષ, આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ, સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવા જોઈએ, આ કામે જ્યારે આરોપીઓ સામે ફરીયાદીને ભુંડી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી, ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે ત્યારે, ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુન્હો સાબીત કરવા માટે સદર કલમના આવશ્યક તત્વો નિ:શંકપણે સાબીત કરવા જોઈએ.

(૭) ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિદ્ધાંત છે કે, આરોપી સામેનો ગુનો ફરીયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. આક્ષેપીત કલમોની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં સદર ગુનો હાલના આરોપીઓએ કરેલ હોવો જોઇએ એવું સાબિત કરવું જોઈએ અને જો આ હકીકત સાબિત કરવામાં ન આવે તો, આરોપીની સંડોવણીનું અનુમાન થઈ શકે નહી.

(૮) ફરીયાદપક્ષે ફરીયાદી જશુબેન નાનજી ખેતાણીએ આંક-૧૧ થી તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે કોડકી મુકામે તેમની વાડી આવેલ છે તેમા જવા માટે માવજીભાઈની વાડીમાથી તેઓએ પસાર થવુ પડે. આજ થી બે વર્ષ પહેલા બપોરના ૧૧ વાગ્યાની આસપાસ તેઓ તેમની વાડીમાં રંજકામા પાણી વાળતા હતા, ત્યારે માવજીભાઈ તેમનો ચાલવાનો રસ્તો હતો, તે ખેડતા હતા. ત્યારે તેઓએ તેમને કહેલુ કે આ રસ્તા માટે કોર્ટ મેટર ચાલે છે, જેથી તમો ખેડો નહી. તો માવજીભાઈએ પોતાનુ ટ્રેકટર તેણીની પાછળ દોડાવતાં તેઓ ભાગેલ, ત્યારે માવજીભાઈ એ કહેલ કે તમો અહીથી ચાલતા નહી અને જો ચાલશો તો જાનથી મારી નાખીશ.ત્યારે માવજીભાઈના પત્ની વાલબાઈ બેન તથા તેના ભાઈના પત્ની જશુબેન અને પુરબાઈ આ ત્રણે ત્યા આવેલ અને તેણીને કહેલ કે તુ અહીથી ચાલતી નહીં, નહીતર તારા ટાટીયા ભાગી નાખીશ. જેથી તેણી તેમના ઘરે જઈ મમ્મીને ફોટડી લેવા ગયેલ અને તેઓ સાથે પોલીસ સ્ટે. ફરીયાદ લખાવેલ જતાં

પોલીસે ફરીયાદ લીધેલ નહી. ત્યાર બાદ બારેક દિવસ પછી તેણી ટ્રેકટર લઈને ખેતરે જવા તે રસ્તાથી પસાર થયેલ. આ વખતે તેમની વાડીએ મુલીઓ હતા અને તેણી સાથે તેણીના મમ્મી હતા. તેઓ તેમની વાડીમા એરંડા કાઢવા ગયેલા, ત્યારે માવજીભાઈ એ તેણીની મમ્મીને પાછળથી વાળ પકડી કાનના ઉપરના ભાગે મારેલ અને કાનની પહેરેલ રીંગ ખેચી લીધેલ અને કહેલ કે તુ કોડકીમા ન આવતી, નહીતર તને જાનથી મારી નાખીશ. આ બનાવ તેઓએ પોલીસ ફરીયાદ આપેલ. તેઓ આંક-૧૨ થી રજુ ફરીયાદમાં તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે રસ્તાની તકરાર વાળી જમીનના રેવેન્યુ રેકર્ડ તેમના નામના આવેલ નથી, રસ્તો તેમનો છે તેવા આધાર પોલીસને આપેલ નથી, તા ૧૨/૪/૨૦ ના રોજ બનેલ અને ફરીયાદ તા ૨૫/૪/૨૦ ના રોજ કરેલ છે, તેમની વાડીની આજુબાજુ બીજી પણ વાડીઓ પણ આવેલ છે, આ વાડીઓ પિયત હોઈ ઘણા માણસો કામ કરતા હોય છે, તેઓએ તેમની ફરીયાદમા તેમના મા સિવાય બનાવ જોનાર તરીકે બીજી વ્યકિતનુ નામ લખાવેલ નથી, તેમના મા ફોટડી રહે છે અને તેઓ કોડકી રહે છુ . આ બન્ને ગામ વચ્ચે સાત-આઠ કિમી નું અંતર છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ વખતે તેમના મા ફોટડી રહેતા હતા, તા. ૧૨/૪/૨૦ ના રોજ બનાવ વખતે તેઓએ તેમના મા ને ફોન કરી બોલાવેલા, આ ફરીયાદ કરવા મારા માતા મારી સાથે આવેલા, પોલીસે તેમને કહેલ કે સાક્ષી જોઈશે તેથી તેઓએ તેમના મા નુ નામ આપેલ, તેમને કોઈ ઈજા થયેલ નથી કે સારવાર કરાવેલ નથી.

(૯) ફરીયાદપક્ષે સાહેદ નાનબાઈ રવજી હીરાણીએ આંક-૧૩ થી તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે આ કામના ફરીયાદી તેમની દીકરી થાય છે. એમની કોડકી મુકામે વાડી આવેલ છે તેમા જવા માટે માવજીભાઈની વાડીમાથી તેણે પસાર થવુ પડે. તા. ૧૨/૯/૨૦ ના રોજ બપોરના ૧૧ વાગ્યાની આસપાસ તેમની દીકરી વાડીમા રજકામાં પાણી વાળતી હતી ત્યારે માવજીભાઈ તેમનો ચાલવાનો રસ્તો હતો તે ખેડતા હતા.

ત્યારે તેમની દિકરીએ તેમને કહેલુ કે આ રસ્તા માટે કોર્ટ મેટર ચાલે છે, જેથી તમો ખેડો નહી. તો માવજીભાઈઅ કહેલુ કે કોર્ટ મેટર ભલે હોય પણ તમારે અહીથી હાલવાનું નથી. પછી પોતાનુ ટેકટર તેમની દીકરી પાછળ દોડાવેલુ, જેથી તેમની દીકરી ભાગેલ . ત્યારે માવજીભાઈના પત્ની વાલબાઈ બેન તથા તેના ભાઈના પત્ની જશુબેન અને પુરબાઈ આ ત્રણે ત્યા આવેલ અને તેમની દીકરી ને કહેલ કે તુ અહીથી ચાલતી નહીં, નહીતર તારા ટાટીયા ભાગી નાખીશ. ત્યાર બાદ તેમની દીકરીએ બોલાવતાં તેઓએ તેમના ભાઈ મુળજીભાઈને થાણે જવાનુ કહેલ. જેથી તેઓ પો.સ્ટેમા ગયેલા ત્યા પોલીસ `તેમને સમજાવેલ. ત્યાર બાદ તા ૨૫/૯/૨૦ ના રોજ તેઓ ખેતરમા જાપો ખોલવા ઉભેલ ત્યારે માવજીભાઈ તેમની પાછળ દોડેલા અને જપાજપી કરેલ જેમા તેમની સોનાની રીંગ ખોવાયેલી. તેઓએ પો.સ્ટે મા જઈ ફરીયાદ લખાવેલ.

આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ બન્યો અને તેમને ફોન કરતાં તેઓ બનાવ વાળી જગ્યાએ ૧૫ મીનીટમાં આવેલ, બનાવ સાડા દસે બનેલ હશે અને તેઓ અગીયાર વાગે આવેલ.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક-૧૭ થી રજુ સ્થાનિક જગ્યાના પંચનામાના પંચ સાહેદ જાદવા કાનજી હીરાણીને આંક-૧૬ થી તથા મુળજી નાનજી વરસાણીને આંક-૧૮ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફકત પંચનામા પરની તેમની સહી ઓળખી બતાવેલી છે, તે સિવાયની કોઈ હકીકત જણાવતા ન હોય ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીની ઉલટ તપાસ દરમ્યાન પણ કોઈ ફળદાયી હકીકત બહાર નીકળી આવેલી નથી.

(૧૧) ફરીયાદપક્ષે ત.ક.અ.ગોપાલ કરસન ખાખલા એ આંક-૨૯ થી તેમની સોગંદ પરની જુબાનીમાં તપાસ દરમ્યાન કરેલ કાર્યવાહી જણાવી,

આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોઈ ચાર્જશીટ કરેલાનું જણાવે છે. ત.ક.અ. તેમની જુબાની દરમ્યાન ક્રી.પ્રો.કોડની કલમ ૧૫૭ ના રીપોર્ટમાં પી.એસ.ઓ.રોહીતભાઈ મકવાણાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે, જે આ કામે આંક-૩૦ થી રજુ છે તેમજ ત.ક.અ. તેમની જુબાની દરમ્યાન જીલ્લા મેજી.શ્રી નું હથીયારબંધીનું જાહેરનામું તેઓએ તપાસ કામે સામેલ રાખેલ હોવાનું જણાવે છે, જે આ કામે આંક-૩૧ થી રજુ છે.

આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે બનાવ સ્થળ વાડી વિસ્તાર છે અને આસપાસ બીજી વાડીઓ આવેલ છે, સદર કેસમાં તમામ નિવેદનો ફરીયાદીના સગા સંબંધીના છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. રજુ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો સદર કામે આરોપીઓ સામે આક્ષેપીત ગુનાની જોગવાઈઓ ધ્યાને લેતાં તેમજ પુરાવાનું મુલ્યાંકન કરતાં આ કામે ફરીયાદી જશુબેન ખેતાણી તેમની જુબાનીમાં આરોપીઓએ ટ્રેકટર તેમની પાછળ દોડાવેલ હોવાનું તેમજ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું તેમની સરતપાસમાં જણાવેલ છે. આમ, ફરીયાદી ની જુબાની ધ્યાનેથી વંચાણે લેતાં ફરીયાદ પક્ષ આરોપી સામે ઈ.પી.કો.કલમ-૫૦૬ નો ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે, કારણ કે, ધમકીના કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે તે પોતાની ફરજો અદા કરવા માટે શક્તિમાન હોય ત્યારે ઈ.પી.કો.કલમ-૫૦૬ નો ગુનો સાબિત થતો નથી. તેવું 2002 (1), G.L.H. (UD, Page No.4 ઉપર મુનસફખાન યાસીનખાન પઠાણ વિ. ગુજરાત સરકાર ના કેસમાં ઠરાવેલું છે. આ કામે ફરીયાદીને આરોપીએ ધમકી આપ્યા પછી તેઓ પોતાના પોતાની ફરજ અદા કરવા માટે ન જઈ શકયા હોય તેવું જણાતું નથી. વધુમાં ઈ.પી.કો.કલમ-૫૦૬ માં દર્શાવ્યા પ્રમાણે ધમકી આપી હોય ત્યારે ધમકી અપાયેલ વ્યકિતના મનમાં ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ. જો આવો કોઈ ગભરાટ ન હોય તો ઈ.પી.કો.કલમ-૫૦૬ નો ગુનો બનતો નથી તેવું ***2007 (1), G.L.H., Page***

*No.337* ઉપર પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિ. ગુજરાત સરકાર ના કેસમાં ઠરાવેલ છે.

(૧૨.૧) વધુમાં આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતના Mohammad Wajid And Another Versus State Of Uttar Pradesh And Others, 2023 (0) AIJEL–SC 72172 ના ચુકાદા ને ધ્યાને લેવો જરૂરી છે કે જેમાં સદરહુ કલમોની વિગતવારની વિસ્તુત ચર્ચા કરવામાં આવેલ છે. જેના પારા–૨૫ થી ૨૮ માં નીચે મુજબ ઠરાવેલ છે.

> 25. Section 504 of the IPC contemplates intentionally insulting a person and thereby provoking such person insulted to breach the peace or intentionally insulting a person knowing it to be likely that the person insulted may be provoked so as to cause a breach of the public peace or to commit any other offence. Mere abuse may not come within the purview of the section. But, the words of abuse in a particular case might amount to an intentional insult provoking the person insulted to commit a breach of the public peace or to commit any other offence. If abusive language is used intentionally and is of such a nature as would in the ordinary course of events lead the person insulted to break the peace or to commit an offence under the law, the case is not taken away from the purview of the Section merely because the insulted person did not actually break the peace or commit any offence having exercised selfcontrol or having been subjected to abject terror by the offender. In judging whether particular abusive language is attracted by Section 504, IPC, the court has to find out what,in the ordinary circumstances, would be the effect of the abusive language used and not what the complainant actually did as a result of his peculiar idiosyncrasy or cool temperament or sense of – 7 – C.C. 404–2017 discipline. It is the ordinary general nature of the abusive language that is the test for considering whether the abusive language is an intentional insult likely to provoke the person insulted to commit a breach of the peace and not the particular conduct or temperament of the complainant.
>
> 26. Mere abuse, discourtesy, rudeness or insolence, may not amount to an intentional insult within the meaning of Section 504, IPC if it does not have the necessary element of being likely to incite the person

insulted to commit a breach of the peace of an offence and the other element of the accused intending to provoke the person insulted to commit a breach of the peace or knowing that the person insulted is likely to commit a breach of the peace. Each case of abusive language shall have to be decided in the light of the facts and circumstances of that case and there cannot be a general proposition that no one commits an offence under Section 504,IPC if he merely uses abusive language against the complainant.

27. A bare perusal of Section 506 of the IPC makes it clear that a part of it relates to criminal intimidation. Before an offence of criminal intimidation is made out, it must be established that the accused had an intention to cause alarm to the complainant.

28. In the facts and circumstances of the case and more particularly, considering the nature of the allegations levelled in the FIR, a prima facie case to constitute the offence punishable under Section 506 of the IPC may probably could be said to have been disclosed but not under Section 504 of the IPC. The allegations with respect to the offence punishable under Section 504 of the IPC can also be looked at from a different perspective. In the FIR, all that the first - 8 - C.C. 404-2017 informant has stated is that abusive language was used by the accused persons. What exactly was uttered in the form of abuses is not stated in the FIR. One of the essential elements, as discussed above, constituting an offence under Section 504 of the IPC is that there should have been an act or conduct amounting to intentional insult. Where that act is the use of the abusive words, it is necessary to know what those words were in order to decide whether the use of those words amounted to intentional insult. In the absence of these words, it is not possible to decide whether the ingredient of intentional insult is present.

આમ, ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ છે કે, આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ –**૫૦૬ (૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જેને ધમકી આપવામા આવેલ હોય તેને વ્યાજબી ધસાતી હોવી જોઈએ.** ફરીયાદી તેમની સરતપાસમાં આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનું જણાવે છે, પરંતુ બનાવ સ્થળ વાડી વીસ્તાર હોવા છતાં તેમજ આસપાસ

અન્ય વાડીઓ આવેલ હોવા છતાં ફરીયાદીની જુબાનીને અન્ય સ્વતંત્ર સાહેદની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. વધુમાં તપાસવામાં આવેલ અન્ય સાહેદ એ ફરીયાદીના માતા છે તેમજ બનાવ સ્થળે સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હોવા છતાં ત.ક.અ.શ્રી ધ્વારા સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. આમ, ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે તે પોતાની ફરજો અદા કરવા માટે શક્તિમાન ન હોવાનું પુરતા પુરાવાના ભાવે જણાઈ આવતું નથી. જેથી ધમકીના કારણે ફરીયાદી ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે તે પોતાની ફરજો અદા કરવા માટે શક્તિમાન હોય ત્યારે ઈ.પી.કો.કલમ–૫૦૬ નો ગુનો સાબિત થતો નથી તેવું 2002 (1), G.L.H. (UD, Page No.4 ઉપર મુનસફખાન યાસીનખાન પઠાણ વિ. ગુજરાત સરકાર ના કેસમાં ઠરાવેલું છે. આ કામે ફરીયાદી ને આરોપીઓએ ધમકી આપ્યા પછી તેઓ પોતાના પોતાની ફરજ અદા કરવા માટે ન જઈ શકયા હોય તેવું જણાતું નથી. ઉપરાંત હાલનો બનાવ તા.૧૨/૪/૨૦૨૦ ના રોજ બનેલો છે અને તેની ફરીયાદ તા.૨૫/૪/૨૦૨૦ ના રોજ કરેલ છે, જે ૧૩ દિવસ બાદ ફરીયાદ કરવામાં આવેલ છે, જે ફરીયાદમાં વિલંબનું કારણ પણ ફરીયાદપક્ષ ધ્વારા દર્શાવવામાં આવેલ નથી. જેથી ફરિયાદ પક્ષ વર્તમાન આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ– **૫૦૬ (૨)** મુજબનો ગુનો નિ:શંકપણે સાબિત કરવામાં સફળ થયેલ નથી .

(૧૨.૨) ફરીયાદપક્ષે આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૨૯૪(ખ) ના ગુનાનુ તહોમત પણ મુકેલ છે. સદરહુ ભારતીય દંડ સંહીતાની કલમ – ૨૯૪(ખ)ના ગુના સબબ આરોપીઓને તકસીરવાન ઠરાવવા માટે ફરીયાદપક્ષે ઉપર જણાવેલ આવશ્યકત તત્વો પુરવાર કરવા પડે. **હવે, ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો** કયા આરોપીએ શું શબ્દોનો ઉચ્ચાર કરેલ તે હકીકત ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોએ જણાવેલ નથી. આરોપીઓ પૈકી કયા આરોપી શું શબ્દો ઉચ્ચારતા હતા તે અંગે જુબાનીમાં કોઈ સ્પષ્ટતા કરેલ નથી. ગાળોના શબ્દો શું હતા તે અંગે પોતાની જુબાનીમાં કોઈ સ્પષ્ટતા કરેલ નથી. આરોપીઓ દવારા કેવા પ્રકારના બિભત્સ શબ્દો ઉચ્ચારેલા હતા અને શું આવા શબ્દો અશ્લીલ હતા ? તથા

આ અશ્લીલ શબ્દોના કારણે ફરિયાદીને કે અન્ય વ્યકિતને ત્ર ાસ થયો હતો તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. ગાળો બોલેલ હતી તેવુ રેકર્ડ ઉપર આવવાથી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ) મુજબનો ગુનો પુરવાર થઈ જતો નથી. ફરિયાદપક્ષે એ હકીકત સ્પષ્ટ પણે પુરવાર કરવી પડે કે, આરોપીઓ દવારા કેવા પ્રકારના અશ્લીલ શબ્દો ઉચ્ચારેલ હતા અને આવા અશ્લીલ શબ્દો ઉચ્ચારવાના કારણે ફરિયાદી કે અન્ય વ્યકિતને તાસ ઉત્પન્ન થયો હતો. **આ તબકકે જોધસિંગ અને અન્ય વિ.સ્ટેટ ઓફ યુ.પી., ૧૯૯૧ કિ.લો.જ.૩૨૨૬, નામદાર અલ્લાહબાદ હાઈકોર્ટન**ો ચુકાદો વંચાણે લેતાં તેમા ઠરાવેલ છે કે, ફરિયાદી અથવા સાહેદે અપમાનજનક શબ્દો કયાં હતા તે ચોકકસ શબ્દો જણાવવા જોઈએ, ફરીયાદનું અપમાન કરેલ હોવુ જોઈએ, આવું અપમાન ફરિયાદીને ઉશ્કેરણી કરવા કરેલ હોવુ જોઈએ તથા આરોપી જાણતો હોવો જોઈએ કે આવા અપમાનના કારણે ફરિયાદી જાહેર સુલેહ શાંતીનો ભંગ કરી બેસસે. આ ચુકાદો ભારતીય દંડ સંહીતાની કલમ – ૫૦૪ અંગેનો છે પરંતુ તેનો રેશીયો ધ્યાને લેતા ગાળોના ચોકકસ શબ્દો શુ હતા તે રેકર્ડ પર આવવુ જોઈએ. આમ, ફરિયાદપક્ષના સાહેદોની જુબાની દવારા ફરિયાદપક્ષ એવી હકીકત સાબિત કરી શકેલ નથી કે આરોપીઓ દવારા અશ્લીલ શબ્દો ઉચ્ચારી ફરિયાદીને ત્રાસ આપી ગુનાના કામે એકબીજાને મદદગારી કરેલ હોય. **આમ, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ – ૨૯૪(ખ) મુજબનો ગુનો પુરવાર કરવામાં પણ ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે**.

(૧૨.૩) વધુમાં, આ તબકકે અત્રેની અદાલત દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૦૦(૨) જી.એલ.એચ. પાના નં. ૨૮૫ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો માનસહ વંચાણે લેવામાં આવેલ છે અને સદર ચુકાદામાં નામદાર હાઈકોર્ટના ઠરાવેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં ફરિયાદ પક્ષે હથિયારબંધીના જાહેરનામાની પ્રસિધ્ધી કરાવવામાં આવી હોવાનું પુરવાર ન થાય ત્યારે ફરિયાદ પક્ષનો કેસ સાબિત થયેલો માની આરોપીને સજા કરી શકાય નહીં, જે ધ્યાને લેતાં હાલના કેસમાં હથિયારબંધીનું જાહેરનામું પુરવાર થયેલ ન હોય

ફરિયાદ પક્ષનો કેસ સાબિત થયેલો માની આરોપીને સજા કરી શકાય નહીં. જેથી, હાલના આરોપી સાથે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ ગણી શકાય નહી. વધુમાં આ કામે જીલ્લા મેજી.શ્રી નું હથીયારબંધીનું જાહેરનામું આંક–૩૧ થી રજુ થયેલ છે તે વંચાણે લેતા બનાવ વખતે સદરહુ હથીયારબંધીનું જાહેરનામું અમલમાં હશે, પરંતુ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતા બનાવ સમયે હાલના આરોપી સદરહુ હથીયાર ધારણ કરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતું ન હોઈ હાલના કામે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ જણાઈ આવતું નથી.

(૧૩) આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ હથીયાર ધારણ કરી, ફરીયાદીનું જાહેરમા અપમાન થાય તેવા ઈરાદે બિભત્સ ભુંડી ગાળો આપી, ગુનાહીત ધમકી આપી ગુનો કરેલ હોય, નુકસાન પહોંચાડેલ હોય તેમ સાબીત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે અને આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ નથી તેમ અત્રની અદાલતનું માનવું છે જેથી **મુદા નં. ૧** નો જવાબ **નકારમાં** આપી **મુદા નં. ૨** સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) આ કામના આરોપી (૧) માવજીભાઈ અરજણભાઈ ખેતાણી,ઉ.વ.૪૯, રહે.કોડકી,તા.ભુજ, (૨) પુરબાઈ કાનજીભાઈ ખેતાણી,ઉ.વ.૪૩, રહે. કન્યા પાછળ, કોડકી,તા. ભુજ, (૩) જશુબેન કરશનભાઈ ખેતાણી,ઉ.વ.૩૫, રહે.રબારીવાસ, કોડકી, તા.ભુજ–કચ્છ, (૪) વાલબાઈ માવજીભાઈ ખેતાણી,ઉ.વ.૪૬, રહે. કન્યાશાળા પાછળ, કોડકી,તા.ભુજને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૯૪(ખ),૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર એવા ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(અ) ની જોગવાઈઓ મુજબ પ્રત્યેક આરોપી એ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) નાં જામીન અને તેટલીજ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી હાલનાં કામે અપીલ સમય દરમિયાન આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનો પણ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૧૫, જુલાઇ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : ભુજ – કચ્છ.
તા.૧૫/૭/૨૦૨૬.

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ.
GJ01472